Accredited Grade "A" by NAAC(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પરીક્ષા વિભાગ ૦૨,યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૪ / ૩૦૧ / ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૮૬૪૧૧

ઈ-મેઈલ : exam02@suuuni.ac.in

નં/પરીક્ષા/૦૨/ ૬૨૮/૨૦૨૦ તા. ૧૯/૧૧/૨૦૨૦

**MODIFY પરિપત્ર:**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન મેડીકલ /પેરા મેડીકલ વિદ્યાશાખા સિવાયની લાગુ પડતી વિદ્યાશાખાના આચાર્યશ્રીઓને સવિનય જણાવવાનું કે, **સને ૨૦૨૦-૨૧ નાં પ્રથમ સત્ર** દરમ્યાન લેવાનાર **સ્નાતક અને અનુસ્તાનક** પરીક્ષાઓમાં જે વિષયોમાં પ્રાયોગિક પરીક્ષાઓ લેવાની થાય છે ત્યાં જુન-૨૦૧૦થી અમલમાં આવેલ સી.બી.સી.એસ. અંતર્ગત સેમેસ્ટર ૦૧ અને ૦૩ નાં રેગ્યુલર તેમજ રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક પરીક્ષા **કોલેજ કક્ષાએ (સ્થાનિક ધોરણે) નીચે દર્શાવેલ દિવસો દરમ્યાન તમામ કોલેજનાં આચાર્યશ્રીઓ દ્વારા ગોઠવવાની રહેશે, અને તેની જાણ કોલેજનાં વિદ્યાર્થીઓને કરવાની રહેશે.** આચાર્ય દ્વારા ગોઠવાયેલ ઉપર્યુક્ત પરીક્ષાઓના કાર્યક્રમની બે નકલ તેમજ આચાર્યશ્રી દ્વારા પ્રાયોગિક પરીક્ષાનાં પરીક્ષકોને અપાયેલા નિમણુંકનાં ઓર્ડરની એક નકલ પરીક્ષા શરૂ થયાના ૦૩ દિવસ પહેલા પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગને મોકલી આપવાની રહેશે.

**સેમેસ્ટર ૦૧ અને ૦૩ (સી.બી.સી.એસ.) ની થિયરી પરીક્ષા પૂર્ણ થયા ના ૨૦ દિવસ સુધીમાં પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે. (પ્રાયોગિક પરીક્ષા ના ગુણની ONLINE ENTRY પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ થયાના ૦૩ દિવસ સુધી કરી શકાશે.)**

**વિદ્યાર્થીઓના પ્રાયોગિક પરીક્ષાઓના માર્કસની ઓન-લાઈન એન્ટ્રી થયા બાદ SAVE કરીને તેની પ્રિન્ટ કાઢીને તેની ખરાઈ કરી તેમાં જે તે વિષયનાં અધ્યાપકશ્રી તથા આચાર્યશ્રીએ સહી-સિક્કા કરી કોલેજનાં રેકોર્ડ પર રાખવાની રહેશે. યુનિવર્સિટીને જરૂર પડે ને મંગાવે ત્યારે નકલ આપવાની રહેશે.**

## ::- ઓનલાઈન એન્ટ્રી ::-

* **સી.બી.સી.એસ. હેઠળનાં સેમેસ્ટર સેમેસ્ટર ૦૧ અને ૦૩ ની તમામ વિદ્યાશાખાઓનાં રેગ્યુલર તથા રીપીટર વિદ્યાર્થીઓની પ્રાયોગિક ગુણની એન્ટ્રી G.I.P.L.નાં સોફ્ટવેરમાં કરવાની રહેશે.**

* વિદ્યાર્થીઓનાં સીટ નંબરની યાદી જે કોલેજને મળેલ ન હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓના નામ અને એનરોલમેન્ટ નંબર ઉપર પ્રાયોગિક પરીક્ષા લેવડાવવાની રહેશે. પ્રાયોગિક પરીક્ષા ની ઉતરવહીઓ સંસ્થાએ નિર્ધારિત સમય સુધી સાચવવાની રહેશે.

* વધુમાં જણાવવાનું કે આચાર્યશ્રીઓએ પ્રાયોગિક પરીક્ષામાં પોતાની કોલેજનાં માન્ય/સીનીયર અધ્યાપકોને નિમણુંક આપી પ્રાયોગિક પરીક્ષાઓ લેવડાવવાની રહેશે, અને જો કોલેજમાં માન્ય અધ્યાપક ન હોય તો , ત્યાંથી નજીકની કોલેજમાંથી માન્ય અધ્યાપકનો સંપર્ક કરીને પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.
પ્રાયોગિક પરીક્ષાના સંચાલન પેટે જે તે કોલેજનાં આચાર્યશ્રીને કો-ઓર્ડીનેટર તરીકે નિમણુંક કરવા અથવા

* આચાર્યશ્રી જે અધ્યાપકને નિયુક્ત કરે તેમને રૂ|. ૧૨૫/- (રૂપિયા એકસો પચ્ચીસ)નું મહેનતાણું પ્રતિ-દિન ચુકવવું. આ ફક્ત ગ્રાન્ટેડ કોલેજોને જ લાગુ પડશે.

* આ કાર્યાલયનાં તા. ૧૭.૦૮.૨૦૧૩નાં પરિપત્ર ક્રમાંક પરીક્ષા/૦૨/૧૫૫૧/૨૦૦૯ અનુસાર સેલ્ફ ફાઈનાન્સ કોલેજ તથા ગ્રાન્ટેડ કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ ચલાવતી કોલેજોએ પ્રાયોગિક પરીક્ષા સંચાલનનો તમામ

ખર્ચ ભોગવવાનો રહેશે, ખર્ચનાં હિસાબોની ફાઈલ યુનિવર્સીટીમાં જમા કરાવવાની રહેશે નહી, પરંતુ પ્રાયોગિક પરીક્ષા સંચાલન ખર્ચનાં તમામ હિસાબો તૈયાર કરી કોલેજે પોતાના રેકોર્ડ ઉપર રાખવાના રહેશે. જે યુનિવર્સીટીની જરૂરીયાત ઉભી થયે માંગવાથી રજુ કરવાનાં રહેશે

ઉપર મુજબની જાણ કોલેજનાં શૈક્ષણિક/બિનશૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓના ધ્યાન પર મૂકવા અને જરૂરી વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી.

**નં/પરીક્ષા/૦૨/૬૨૮/૨૦૨૦** **પરીક્ષા નિયામક**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ,
યુનિવર્સીટી રોડ,
રાજકોટ – ૩૬૦૦૦૫
**તા.૧૯-૧૧-૨૦૨૦**

પ્રતિ,

૦૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન યુ.જી. તથા પી.જી.નાં અભ્યાસક્રમ ચલાવતી કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ........

<u>નકલ રવાના: (જાણ સારૂ તથા યોગ્ય થવા અર્થે)</u>

૦૧. માન. કુલપતિશ્રી/માન.કુલનાયકશ્રી/માન. કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૨. મુખ્ય હિસાબી અધિકારીશ્રી, હિસાબ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૩. ઓડિટરશ્રી, ઓડીટ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૪. પરીક્ષાનાં સંબધિત વિભાગો તરફ
૦૫. ઈ.ચા. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
૦૬. પરીક્ષા સ્ટોર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. **(પ્રાયોગિક પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓ તથા ગ્રાફ પેપર્સ જે તે કોલેજને સમયસર પહોચતી કરવા અર્થે)**